Acknowledgement

SMT. HANSA MEHTA LIBRARY
The M. S. University of Baroda

## નિવેદન

કોલેજકાળથી જ નક્કી હતું કે પીએચ.ડી.ની ડીગ્રી તો મેળવવી જ છે. એમ.એ.ની સાથે જે.યુ.જી.સી.ની ફેલોશીપ સાથે નેટ પાસ થયો એટલે આ સ્વપ્ન સાકાર કરવા માટે બધા રસ્તા ખુલી ગયા. પરંતુ પછી વિષય અને ગાઈડનો પ્રશ્ન મૂંઝવનારો બની રહ્યો. એમ.એસ.યુનિવર્સિટી, વડોદરાના ગુજરાતી વિભાગના મારાં ગુરુજનો પ્રા.સુધાબેન પંડ્યા, પ્રા.રમણ સોની, પ્રા.જયેશ ભોગાયતા, પ્રા.નીતાબેન ભગત, ડૉ.ભરત મહેતા વગેરે સાથેની સાહિત્યિક ચર્ચાઓમાંથી નિષ્કર્ષ મળ્યો કે નવલકથામાં પરિવેશ કેન્દ્રી સંશોધનો થયા છે પરંતુ ટૂંકી વાર્તામાં હજુ બાકી છે. આ જ સમયે મને પ્રા.જયેશ ભોગાયતાનો લેખ 'પરિવેશ : સંજ્ઞા અને સંપ્રત્યયો' મળ્યો બે-ત્રણ વાર એનું પઠન કર્યું. લેખમાંથી અનેક સંકેતો મળ્યા જે સંશોધન માટે પ્રેરે તેવા હતાં. આખરે એ લેખના લેખકને જ મળ્યો, પ્રસ્તાવ મૂક્યો "મારે પીએચ.ડી. કરવું છે, તમારા માર્ગદર્શન હેઠળ અને આ જ વિષય પર." એમના ચહેરા પર આનંદની લહેરખી મેં જોઈ...અમે આ વિષે થોડો ચર્ચા-વિમર્શ કર્યો. એમણે કેટલુંક વાંચવાનું સૂચવ્યું. થોડી નોંધો તૈયાર કરાવીને મને ચકાસ્યો. હું પાર પડ્યો અને મને એમના માર્ગદર્શન હેઠળ પીએચ.ડીનું સંશોધન કાર્ય કરવાનું સૌભાગ્ય સાંપડ્યું.

ખૂબ જ ચોક્સાઈથી સંશોધન કરવાનો આગ્રહ રાખનારા મારા માર્ગદર્શક. વાક્યરચના અને શબ્દપસંદગીમાં કોઈ બાંધછોડ નહીં, વિપુલ વાંચનનો આગ્રહ, સતત વાંચનની પ્રેરણા, અવારનવાર અવનવાં સંશોધનો – સમીક્ષાઓ – લેખો - કથા સાહિત્યના પુસ્તકો – સામયિકો સૂચવે અને મને ન મળે તો મેળવી આપે. કોઈ પણ વાદમાં બાંધ્યા સિવાય મને તમામ પ્રકારના સર્જકો વિવેચકો તરફ વાળે અને મને જ્ઞાનથી સમૃદ્ધ કરે, ક્યારેય વિષય બહારની આડીઅવળી ચર્ચાઓ નહીં ને છતાંય મારાં જીવન પર પણ એમની નજર હોય. મારી જાણ બહાર મારી મુશ્કેલીઓ દૂર કરી આપે, મારાં સ્વાતંત્ર્યનો પણ ખ્યાલ રાખે. આ રીતે મારી સંશોધનયાત્રા ચાલી છે.

ગુજરાતી વિભાગના મારાં ગુરુજનો, મારાં વિદ્યાર્થીઓ અને મિત્રોએ પરિવાર સમો પ્રેમ આપ્યો છે. સતત પ્રોત્સાહિત કર્યો છે તો પરમ્ મિત્ર દિપક વ્યાસે મારાં અસ્પષ્ટ અક્ષરોમાં લખાયેલાં મહાનિબંધને મુદ્રિત કરવાનું બીડું ઝડપ્યું અનેક વ્યસ્તતાઓ વચ્ચે આ કાર્ય પાર પાડી આપ્યું એ કદાચ કોઈ ન શકત.

ગુજરાતી ટૂંકી વાર્તામાં આરંભકાળથી આ જ સુધી પરિવેશ નિર્ણાયક ઘટકતત્ત્વ રહ્યો છે. વિવેચનમાં એના ઉલ્લેખો મળે છે પરંતુ પરિવેશ વિષયક વિશદ સંશોધન થયું નહોતું. અન્ય ઘટકતત્ત્વો વિશે સંશોધનો થયાં છે પરંતુ અહીં અન્ય ઘટકતત્ત્વો સાથે પરિવેશ કઈ રીતે સંયોજન પામે છે એ મારી શોધનો વિષય રહ્યો છે. પરિવેશ સંસ્કૃતિનું આખું દર્શન કરાવે છે એટલે ગુજરાતી ટૂંકી વાર્તાના સો-સવાસો વર્ષોના સમયગાળામાં જીવાયેલું માનવજીવન પણ એમાં વણાતું આવ્યું છે. આ રીતે પરિવેશના કેન્દ્રમાંથી સમગ્ર ગુજરાતી ટૂંકી વાર્તાનો ઈતિહાસ, વિવેચન કાર્યનો આલેખ, ટૂંકી વાર્તાનું સ્વરૂપ, માનવજીવન અને સંસ્કૃતિનું દર્શન મને સાંપડ્યું છે.

આ રીતે થયેલું સંશોધન પૂર્ણતાએ પહોંચે છે. એનો હર્ષ હૈયે માતો નથી.

અહીં મહત્ત્વનું એ છે કે બાળપણમાં માતા-પિતાએ આપેલાં સંસ્કારો, શાળા-કોલેજમાં મળેલું શિક્ષણ, સમાજ-નગરો અને ગામડાં, ખાસ કરીને વતનના પ્રાકૃતિક વાતાવરણે, મારાં જીવનમાં આવેલાં ને ગયેલાં અનેક મિત્રો અને શત્રુઓએ આ ત્રીસેક વર્ષમાં મને ઘડ્યો છે. કદાચ આ મહાનિબંધ એ ત્રીસેક વર્ષની ઘડાયેલી ચેતનાનું ફળ છે એટલે ત્રીસેક વર્ષના જીવનકાળને સ્પર્શેલા તમામનો હું ઋણી છું.

**રાજેશ વણકર**